PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ - ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૨૫૪૬-૨ | તારીખ : ૦૬ - ૦૪ - ૨૦૨૨

**<u>રજી. એડી. પત્ર</u>**

પ્રતિ,

હરેશભાઈ કાનજીભાઈ સાગઠીયા
પ્લોટ નં. ૪૦, ફ્લોટેક પંપની બાજુમાં, શાપર મેઈન રોડ,
મું. પો. : શાપર-વેરાવળ, તા. : કોટડાસાંગાણી, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૪
મોબાઈલ : ૯૫૮૬૯૬૫૬૫૭

વિષય : મીટર ફોલ્ટીના કારણે વધારે બીલ આપવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૪-૦૨-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૬/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય:
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, શાપર વેરાવળ રાજકોટ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

E-Mail-forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૬/ક્વા-૪/૨૧-૨૨/૨૫૪૬-૨ તા.૦૬/૦૪/૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબનાગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૧૬/ક્વા-૪/૨૧-૨૨**

અરજદાર : હરેશભાઈ કાનજીભાઈ સાગઠીયા ગામ: શાપર-વેરાવળ

પેટા વિભાગીય કચેરી : શાપર-વેરાવળ

રજૂઆત કરનાર : અરજદાર હરેશભાઈ કાનજીભાઈસાગઠીયા હાજર રહેલ નથી.

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : શ્રી જી.એચ.પટેલ, કાર્યપાલક ઈજનેર,પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય હાજર રહેલ છે.

:: ફોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) મેમ્બર ટેકનીકલ - શ્રી આર.જી.ગોવાણી

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૨૩-૦૩-૨૦૨૨ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૩-૦૩-૨૦૨૨ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજૂઆતમાં જણાવે છે કે તેઓ શાપર-વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં ગ્રાહક નં.૮૧૯૦૧/૦૫૨૨૩/૦ થી ૦૯ (નવ)KW નું NRGP વીજજોડાણ ધરાવે છે.

૨.૧ અરજદાર જણાવે છે કે તેઓનો શેડ તા.૦૧.૦૫.૨૦૨૧ થી તા.૩૦.૦૬.૨૦૨૧ સુધી કોરોના કાળના લીધે ઉદ્યોગોમાં મંદી હોવાના લીધે ભાડે અપાયેલ ન હતો તેમજ જેતે સ્થળ પર મીટરરીડર દ્વારા રીડીંગ લઈ વીજબીલ બનાવી શકાય તે રીતે વીજમીટર બહાર જ સ્થાપિત થયેલ છે. મીટરરીડર દ્વારા અનુક્રમે તા.૨૦.૦૫.૨૦૨૧ અને તા.૧૫.૦૬.૨૦૨૧ ના રોજ બન્ને વીજબીલો '0' યુનિટના આપવામાં આવેલ છે. સદર સમયગાળા દરમિયાન સદર જગ્યા ખાલી રહેલ હતી.

૨.૨ અરજદાર દ્વારા તા.૦૧.૦૭.૨૦૨૧ ના રોજ સદર શેડ શ્રી વિશ્વાસ ઇન્ડસ્ટ્રીઝના માલિક કાર્તિકભાઈ સાવલિયાને ભાડે આપેલ હતો જેનો ભાડા કરાર રજુ કરેલ છે. તા.૧૭.૦૭.૨૦૨૧ ના રોજ મીટરરીડર બીલ બનાવવા આવેલ અને તેઓ દ્વારા જણાવવામાં આવેલ કે 'મીટરમાં રીડીંગ દેખાતા નથી તેથી સદર બીલ રૂ.૧૬૪૧૫/- નું આપવામાં આવેલ છે. તેમજ મીટર ફોલ્ટી હોય બીલબુકમાં મીટર બદલી આપવાની નોંધ કરી અને મીટર બદલી કરી નવું મીટર લગાવી આપવામાં આવશે, મીટર બદલી માટે અરજી કરવાની જરૂર નથી' તેમ મીટરરીડર દ્વારા જણાવાયેલ.

૨.૩ મીટરરીડર દ્વારા તા.૧૬.૦૮.૨૦૨૧ ના રોજ સવારે૧૦.૧૫ કલાકે ફરી ફોલ્ટી મીટરનું રૂ.૧૬૧૫૩/-નું સરેરાશ વીજબીલ બનાવવામાં આવેલ. ત્યારબાદ તા.૧૬.૦૮.૨૦૨૧ ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે સંલગ્ન કચેરીમાંથી રૂબરૂમાં વીજપોલથી મીટર સુધીના સર્વિસ વાયર તેમજ મીટરમાં લાગેલ સીલ ચેક કર્યા અને મીટર બદલી કરી નવું મીટર લગાવી આપેલ.જે અન્વયે પીજીવીસીએલ દ્વારા જણાવેલ કે મીટર કે સર્વિસમાં કોઈ ચેનચાળા કરેલ નથી અને મીટરની સ્થિતિ પણ સારી છે તેમજ મીટરમાં કોઈ છેડછાડ થયેલ નથી. મીટર લેબોરેટરીમાં ચેક થવા જશે અને ગ્રાહકની રૂબરૂમાં ચેક કરવામાં આવશે, જો મીટરમાં રીડીંગ આવશે તો આગળના બીલમાં સરભર કરી આપવામાં આવશે.

૨.૪ સદર બદલી કરેલ મીટર લેબોરેટરીમાં તા.૨૬.૦૮.૨૦૨૧ ના રોજ ચેક કરતા માલુમ પડેલ કે મીટરમાં કોઈ છેડછાડ થયેલ નથી પરંતુ પાવરના પ્રશ્નના લીધે ડીસપ્લે ખરાબ થયેલ છે તેમજ રીડીંગ આવેલ નથી. જેથી અરજદાર દ્વારા સદર સવાલવાળું મીટર કંપનીમાં મોકલવા માટે તા.૨૧.૦૯.૨૦૨૧ ના રોજ અરજી કરવામાં આવેલ જેથી યોગ્ય ન્યાય મળી રહે.

૨.૫ સદર અરજી સામે અરજદાર દ્વારા લેબોરેટરીમાં તા.૧૬.૦૨.૨૦૨૨ ના રોજ રૂબરૂ તપાસ કરતા તેમજ સંલગ્ન પેટાવિભાગીય કચેરી ખાતે તપાસ કરતા જાણવા મળેલ કે સવાલવાળા મીટરમાં રીડીંગ આવેલ ન હોય સદર બન્ને સરેરાશ વીજબીલ અરજદારે ભરપાઈ કરવાના રહેશે જે બાબત તદ્દન ગેરવાજબી છે. અરજદાર વધુમાં જણાવે છે કે અરજદાર દ્વારા તા.૦૧.૦૭.૨૦૨૧ ના રોજ શેડ ભાડે અપાયેલ છે અને ત્યારબાદનું તા.૧૭.૦૭.૨૦૨૧ ના રોજ ફક્ત ૧૭ દિવસનું જ સરેરાશ આપેલ વીજબીલ અન્યાયકર્તા છે. તેમજ મીટર બદલી કર્યા બાદ નવા મીટરના બીલની વિગત નીચે મુજબ છે.

| વિજબીલની તારીખ | વિજબીલની રકમ રૂ. |
|---|---|
| ૧૮.૧૦.૨૦૨૧ | ૭૪૫૩/- |
| ૧૮.૧૧.૨૦૨૧ | ૬૮૦૩/- |
| ૧૪.૧૨.૨૦૨૧ | ૩૫૦૧/- |
| ૧૭.૦૧.૨૦૨૨ | ૩૭૫૯/- |
| ૧૧.૦૨.૨૦૨૨ | ૨૭૭૮/- |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ રૂ.૧૬૪૧૫/- ના ૦૩ મોટી રકમના બીલ આપવામાં આવેલ છે જે યોગ્ય ન હોય તેમજ વારંવાર વીજજોડાણ કાપવા માટે ફોન કરવામાં આવે છે. સદર બાબતે ન્યાય મેળવવા માટે અરજદાર દ્વારા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કેહરેશભાઈ કાનજીભાઈ સાગઠીયાના નામથી NRGPટેરીફનું ૯ કી.વો.નું વીજજોડાણ ગ્રાહક નં.૮૧૯૦૧/૦૦૫૨૨૩/0 થી ધરાવે છે.

૩.૧ સદર ગ્રાહકને માહે મે-૨૦૨૧ નું (0) યુનિટ વપરાશ મુજબનું બીલ મીટરરીડર દ્વારા તા.૨૦.૦૫.૨૦૨૧ થી આપેલ હતું. ત્યારબાદ માહે જૂન-૨૦૨૧ માં પણ (0) યુનિટ વપરાશ મુજબનું બીલ મીટરરીડર દ્વારા તા.૧૫.૦૬.૨૦૨૧ થી આપેલ હતું. ગ્રાહકના જણાવ્યા અનુસાર સદર સમયગાળામાં વિજવપરાશ બંધ હતો. પરંતુ મીટર ચાલુ હતું. સદર શેડ અરજદાર દ્વારા ભાડે અપાતા તા.૦૧.૦૭.૨૦૨૧ થી વિજ-વપરાશ ચાલુ થયેલ હતો તેમ જણાવેલ.

૩.૨ સદર ગ્રાહકનું વીજબીલ માહે જુલાઈ-૨૦૨૧માં મીટરરીડર દ્વારા ડિસ્પ્લે બંધ હોવાથી કંપનીના નિયમોનુસાર સરેરાશ વપરાશ ૨૦૮૦ યુનિટનું 'F' સ્ટેટસનું બીલ તા.૧૭.૦૭.૨૦૨૧ થી આપેલ.

3.3 ત્યારબાદ ગ્રાહકને તા.૧૬.૦૮.૨૦૨૧ ના રોજ માહે ઓગસ્ટ-૨૦૨૧ ના રીડીંગ માટે મીટરરીડર જતા મીટર બદલેલ ન હોય, તેઓના દ્વારા સરેરાશ ૨૦૮૦ યુનિટ મુજબ ફરીથી 'F' સ્ટેટસ સાથેનું બીલ આપેલ તેમજ સદર મીટર ફોલ્ટી હોવાથી ચેકિંગ શીટ નં. ૪૪૦૮૦૮ તા.૧૬.૦૮.૨૦૨૧ અને પ્રફોર્મા-૧૫ નં. ૨૦૨૨૩૪ થી બદલાવી અને નવું મીટર મુકવામાં આવેલ છે.

૩.૪ સદર મીટરનું લેબ પરીક્ષણ તા.૨૬.૦૮.૨૦૨૧ ના રોજ ગ્રાહકની હાજરીમાં થયેલ છે. જેના રીપોર્ટ મુજબ મીટરને ટેસ્ટીંગ બેચ પર ચેક કરવા છતાં રીડીંગ આવેલ નથી અને મીટરનો ટર્મિનલ બ્લોક બળેલ છે.

૩.૫ મીટરરીડર દ્વારા તા.૧૯.૦૯.૨૦૨૧ ના રોજ માહે સપ્ટેમ્બર-૨૦૨૧ના વીજબીલમાં નવામીટરમાં નોંધાયેલ રીડીંગ ૭૦૬ હતા પરંતુ પાછલું મીટર સ્ટેટસ 'F' હોવાથી બીલ મુજબની સરેરાશ ૨૦૮૦ યુનીટથી, હાલનો વપરાશ ૭૦૬ યુનીટ કે જે સરેરાશથી ઓછો હોય, કંપનીના નિયમોનુસાર ૨૦૮૦ યુનીટ અનુસાર બીલ આપેલ.

૩.૬ ત્યારબાદ તા.૨૬.૦૮.૨૦૨૧ના લેબરીપોર્ટ મુજબ રીડીંગ આવેલ ન હોવાથી અરજદારને તા.૧૯.૦૯.૨૦૨૧ના રોજ ૨૦૮૦ યુનિટના બીલને રીવાઈઝ કરતા (૨૦૮૦-૭૦૬) ૧૩૭૪ યુનીટ ગ્રાહકના બિલીંગ ખાતામાં તા.૭.૧૦.૨૦૨૧ ના રોજ જમા આપેલ છે. તેમજ લેબ રીપોર્ટ અનુસાર બળેલ મીટરના ચાર્જ કંપનીના નિયમોનુસાર થ્રી-ફેઝ મીટરની રકમ રૂ.૨૨૭૫.00 તા.0૩.૦૯.૨૦૨૧થી ઉધારેલ છે.

૩.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૩.૬ મુજબ અરજદારની રજૂઆત મુજબ જુલાઈ-૨૦૨૧ તથા ઓગ.-૨૦૨૧ ના બીલમાં ૨૦૮૦ યુનિટની રકમ ભરવા સહમત ન થતા તેમજ અસંતુષ્ટ હોવાથી શાપર-વેરાવળ પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૨૧.૦૩.૨૦૨૨ ના રોજ અરજદાર સાથે રૂબરૂ ચર્ચા મુજબ મીટર બદલ્યા અગાઉની સરેરાશને બદલે મીટર બદલ્યા પછીની સરેરાશ ગણીને જે બીલની રકમ થાય તે ભરપાઈ કરવા સંમતી દર્શાવેલ છે. જે અન્વયે મીટર બદલ્યા બાદ અરજદારની સરેરાશ વપરાશ ૬૮૩ યુનિટ થતા હોય તે મુજબ અગાઉ અપાયેલ બીલ ૨૦૮૦*૨=૪૧૬૦ યુનિટ ને રીવાઈઝ કરીને નવી સરેરાશ વપરાશ મુજબ ૬૮૩*૨=૧૩૬૬ યુનિટ થતા હોવાથી ૪૧૬૦-૧૩૬૬=૨૭૯૪ યુનિટ અરજદારના બિલીંગ ખાતામાં જમા આપેલ છે. આમ અરજદારની ફરિયાદનું નિરાકરણ કરતા અરજદારે તા.૨૦.૦૩.૨૦૨૦ ના રોજ સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર હરેશભાઈ કાનજીભાઈ સાગઠીયાના નામથી એન.આર.જી.પી. ટેરીફનું ૯ કી.વો.નું વીજજોડાણ ગ્રાહક નં.૮૧૯૦૧/૦૦૫૨૨૩/૦ થી ધરાવે છે.

૪.૨ અરજદાર દ્વારા કરાયેલ રજૂઆત મુજબ તેઓનો શેડ માહે મે-૨૦૨૧ તેમજ માહે જુન-૨૦૨૧ દરમ્યાન તા.૩૦.૦૬.૨૦૨૧ સુધી કોરોનાને કારણે ઉદ્યોગમાં મંદી હોવાથી ખાલી હતો જે તા.૦૧.૦૭.૨૦૨૧ થી ભાડા

કરાર કરીને શ્રી વિશ્વાસ ઇન્ડસ્ટ્રીઝના માલિક કાર્તિકભાઈ સાવલિયાને ભાડે આપેલ છે. પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૧૭.૦૭.૨૦૨૧ ના રોજ મીટરનો ડિસ્પ્લે બંધ હોવાને કારણે મીટરરીડર દ્વારા ફોલ્ટી સ્ટેટ્સ ગણીને સરેરાશ વપરાશ ૨૦૮૦ યુનીટનું બીલ આપેલ. ત્યારબાદ તા.૧૬.૦૮.૨૦૨૧ ના રોજ ફરીથી'F' સ્ટેટસ ગણીને સરેરાશ વપરાશ ૨૦૮૦ યુનીટનું બીલ આપેલ. ત્યારબાદ તા.૧૯.૦૯.૨૦૨૧ ના રોજ ફોલ્ટી મીટર તા.૧૬.૦૮.૨૦૨૧ ના રોજ બદલી ગયેલ હોવા છતાં નવા મીટરમાં નોંધાયેલ વીજવપરાશને બદલે સરેરાશ ૨૦૮૦ યુનીટનું બીલ આપેલ જે વાસ્તવિક વીજ વપરાશ કરાયેલ ન હોય અન્યાયી લાગતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

૪.3 પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારના મીટર બદલ્યા બાદ નોંધાયેલ વીજવપરાશના આધારે સરેરશ વાપરશ મુજબ ઉપરોક્ત મુદ્દા નં. ૩.૭ મુજબ અરજદારના બિલીંગ ખાતામાં જરૂરી રકમ જમા આપવામાં આવશે તેમ અરજદારને માહિતગાર કરવામાં આવતાસદર વિવાદ બાબતે અરજદાર સમંત થતા અરજદાર દ્વારા લેખિત સમાધાન પુરસીસમાં તા.૨૦.03.૨૦૨૨ ના રોજ સહી કરી આપેલ છે. સદર સમાધાન પુરસીસ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ફોરમ સમક્ષ સુનાવણી દરમિયાન રજુ કરેલ છે. આમ,સદર કેસમાં ફોરમ દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.જી.ગોવાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | ચેરપર્સન |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot